સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

શાળા-દવાખાનામાં સાધનો પૂજામાં રહી જાય છે!
ને વપરાતી નથી ગ્રાંટ ચોપડામાં જ રહી જાય છે!
ને પૂજામાં જ દેખાય છે માત્ર શસ્ત્રોને સરંજામ -
પૌરુષત્વ પ્રદર્શન - પરેડમાં જ રહી જાય છે!

હાઈકુ

છે મજબૂત !!
લીંબુ કચડી નાખ્યું !
રફાલ શક્તિ...

હતું જરૂરી -
પૂજા માટે ખાસ
શસ્ત્ર-રફાલ

ચિંતન

વયમિહ પરિતુષ્ય વલ્કલૈસ્ત્વં દુકૂલૈઃ
સહ સુહ પરિતોષો નિર્વિશેષો વિશેષઃ ।
સતુ ભવતિ દરિદ્રો યસ્ય તૃષ્ણા વિશાલા,
મનસિ તુ પરિતુષ્ટે કોઽર્થવાન કો દરિદ્રઃ ॥

ઉપરોક્ત શ્લોક વૈરાગ્યશતકમાંથી લેવામાં આવેલ છે.

હે રામ, રેશમી વસ્ત્રોથી જે સંતોષ તને મળે છે એ જ સંતોષ આ વલ્કલ વસ્ત્રોથી અમને મળે છે. બંને સંતોષ સરખા જ છે. કંગાલ તો છે છે કે જેને સંતોષ જ નથી. જેને સંતોષ છે એ કે દરિદ્ર નથી હોતો.

જેને વધુને વધુની ઝંખના હોય છે એને ક્યારેય સંતોષ મળતો નથી અને જો સંતોષ ન મળે તો પછી સુખ ક્યાંથી મળે ?

માણસ વધુને વધુ ધનવૈભવ માટે લોભ કરતો જ રહે એનાથી એ ક્યારેય સુખ મળવી શકતો નથી. લોભને નરકમા દ્વાર તરીકે ઓળખવામાં આવે છે. સુખ પ્રાપ્તિમાં નથી પણ ત્યાગમાં છે એનું રહસ્ય રાજાને રાજ્યનો ત્યાગ કર્યા પછી જ સમજાયું હતું. આ રહસ્ય એટલે તૃષ્ણાનો ત્યાગ અને સંતોષની વૃત્તિની પ્રાપ્તિ.

સુવિચાર

- અશક્ય ભલે કંઈ ન હોય પણ બધું શક્ય બનાવવું જરૂરી નથી - **બોધિ વૃક્ષ**
- અતિ અધમ પાપીને એક મહાન સંત થવામાં ઘણીવાર એકાદ ક્ષણનું અંતર હોય છે - **ઈમર્સન**
- સ્વાર્થના સહુ સગાં છે, પણ સ્વાર્થીનું કોઈ સગું હોતું નથી - **સુરેશ દલાલ**
- ભલાઈ કરવાની ઈચ્છા બુરાઈ કરવાની ઈચ્છાને દબાવી દે છે - **હઝરત અલી**
- વ્યક્તિ જે સાંભળે છે તે કરવાનું શરૂ કરી દે તો ઘટના ઘટી શકે છે એને હું સફળતા કહું છું - **મોરારિ બાપુ**
- જે ક્રિયા વસ્તુને શુદ્ધ કરે તેને કર્મ કહે છે, અને જે ક્રિયા હૃદયને શુદ્ધ કરે તેને ધર્મ કહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : હિમેજના ચૂર્ણ સાથે તજનો પાઉડર રાત્રે નવશેકા પાણી સાથે લેવાથી પેટ સાફ આવે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક નાની હોસ્પિટલમાં એક ભિખારી મરણપથારીએ પડ્યો હતો. તેના બચવાની કોઈ આશા જ ન હતી. હોસ્પિટલની બાજુમાં એક ચર્ચ હતું ત્યાંના પાદરી રોજ આ હોસ્પિટલના દર્દીને ફળો આપવા રૂબરૂ આવતા. તેમણે આ ભિખારીની અંતિમ હાલત જોઈ દયા આવી. તેમણે ભિખારીને માથે હાથ ફેરવીને કહ્યું, 'આપ પરમ કૃપાળુ પરમાત્માને બે હાથ જોડી ને પ્રાર્થના કરી જુઓ કે એ તમારા પાપોને ક્ષમા આપે છે... હવે તમારો અંતિમ સમય છે. તમે પરમાત્માના શરણમાં જઈ રહ્યા છો. તેમનું સ્મરણ કરતા રહો.' ભિખારીએ એક હાથ ઊંચો કરીને ઈસુની છબી સામે જોયું એટલે પાદરીએ કહ્યું, 'બીજો હાથ પણ ઊંચો કરો અને બંને હાથ જોડીને પ્રાર્થના કરો, જેથી પરમાત્મા સુધી તમારી યાચના પહોંચી જશે.' ભિખારીએ બીજો હાથ જોડવાને બદલે વાળેલી મુઠ્ઠી રાખીને એક હાથે પ્રભુને પ્રાર્થના કરવાની ચેષ્ટા કરી. પાદરીએ ફરી બે હાથ જોડવાનું કહ્યું, પરંતુ ભિખારીએ એક જ હાથે પ્રાર્થના કરવાની જીદ કરી. થોડીકવારમાં પાદરીની હાજરીમાં જ તેનું મૃત્યુ થયું. બાજુમાં ઊભેલી નર્સે ભિખારીના હાથની મુઠ્ઠી ખોલી તો તેમાંથી થોડા ઘણા સિક્કા અને એકાદ બે ગંદી થયેલી નોટ નીકળી. જેને સાચવી રાખવા અંતિમ પળ સુધી એણે મુઠ્ઠી બંધ રાખી હતી. મોટા ભાગના લોકો આ જ રીતે મામૂલી વાતને એટલી સજ્જડ રીતે પોતાના મનમાં સંગ્રહી રાખે છે ને હંમેશા કડવાશ ભરી જિંદગી જીવે છે. આવી કડવાશને લીધે બીજા લોકોનું નહીં, પોતાનું જ જીવન આકરું બની જાય છે.

કોંગ્રેસમાં જૂથબંધી પરકાષ્ઠાએ

તંત્રીસ્થાનેથી...

લોકસભાની ચૂંટણીમાં ઊંધે માઠે પટકાયા પછી કોંગ્રેસ હજી લગી સ્થિર બની શકી નથી. ભૂકંપ પછી આવતા આફટર શૉકસની જેમ એનાં અંગ-ઉપાંગ રોજબરોજ લકવાઈ રહ્યાં છે. મોદીના કરિશ્માઈ વ્યક્તિત્વથી પ્રજાએ ભાજપને એની અપેક્ષા કરતાં પણ વધારે બેઠકો આપી દીધા એનો આઘાત કોંગ્રેસ સહિત તમામ નાની-મોટી વિપક્ષી પાર્ટીઓ અનુભવી રહી છે પરંતુ કોંગ્રેસ પાસે સરકાર સામે મેદાને પડવાની સોનેરી તક હોવા છતાં એ મુદ્દે કશી વિચારણા કરવાનો એની પાસે સમય જ નથી. આને કહેવાય ઈચ્છાશક્તિનો સંપૂર્ણ અભાવ. કોંગ્રેસ દેશની નબળી પડતી અર્થવ્યવસ્થાના મુદ્દે જનજાગરણના કાર્યક્રમો આપી શાસક પક્ષને મુશ્કેલીમાં મૂકી શકે એમ છે. પરંતુ એ મુદ્દે પદ્ધતિસરનો અભ્યાસ કે રજૂઆત કરવાની કોઈની તૈયારી જ નથી. ખુબ પૂર્વ રિઝર્વ બેન્કના ગર્વનર રઘુરામ રાજન આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. વર્તમાન ગર્વનર પણ આ મુદ્દે સરકારના બચાવપક્ષમા નથી. આ જ મુદ્દે મહારાષ્ટ્ર અને હરિયાણાની વિધાસનભાની ચૂંટણીમાં ભાજપને ભોંઠપ લગાવી શકાય એમ હતું. કોણ જાણે કોંગ્રેસીઓને કેમ પુનરાગમન કરવાનું મન જ નથી થઈ રહ્યું ! ઊલટાની જે પ્રદેશોમાં કોંગ્રેસની સરકાર છે ત્યાં જૂથબંધી એ હદે વકરી રહી છે કે ભાજપને વિપક્ષમાં રહી તમારો જોવાની જ નહીં, બલકે લાગ જોઈને કૂદી પડી સત્તા આંચકી લેવાનો ઉમળકો જાગે. મધ્યપ્રદેશની કમલનાથ સરકાર આજકાલ આવી જ ભીંસ અનુભવે છે. કમલનાથ સામે કટ્ટર શત્રુતા ધરાવતા જયોતિરાદિત્ય સિંધિયા આરપારની લડાઈ પર ઊતરી આવ્યા છે. સિંધિયાના લોહીમાં જ જૂનું રજવાડી લોહી છે. એમને તો રાહુલ ગાંધીના વિશ્વાસુ સાથી તરીકે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી બનવાની મહત્ત્વાકાંક્ષા હતી. તે વખતે દિગ્વિજયસિંહે કમલનાથની તરફેણમાં રહી સિંધિયાનું સપનું રોળી નંખાવ્યું હતું. એ પછી સિંધિયાને ઉત્તરપ્રદેશના ચૂંટણી સુકાની તરીકે પણ નરી નિષ્ફળતા જ સાંપડી હતી. એટલું ઓછું હોય એમ તેઓ પોતાના અને પિતાના પરંપરાગત મત વિસ્તારમાં જ લોકસભાની ચૂંટણી હારી ગયા હતા. સિંધિયાને મધ્યપ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ બનવું છે, પણ પાર્ટી પાસે અધિકૃત રાષ્ટ્રીય પ્રમુખ જ નથી - એથી એ મુદ્દો પણ અધ્ધર લટકે છે. સિંધિયાએ કમલનાથની સરકારે ખેડૂતોનાં દેવાં પૂરેપૂરાં માફ નથી કર્યાં - એવો આક્ષેપ કરી સરકારે વચનભંગ કર્યો છે એવાં ભાષણો કરવા માંડ્યાં છે. ભાજપના નેતાઓ સિંધિયાને કોંગ્રેસ છોડી ભાજપમાં આવી જવાની લાલચ આપી રહ્યા છે - કદાચ એ બળવો કરીને ભાજપમાં ન જોડાય તો પણ એમને બહારથી ટેકો આપી ભાજપ મુખ્યમંત્રી બનવાનું એમનું સપનું સાકાર કરાવી શકે એમ છે. કમલનાથના ટેકેદાર ગણાતા દિગ્વિજયસિંહે રસ્તે રઝળતી ગાયોના મોત પર આંસુ સારી 'ગૌભક્ત મુખ્યમંત્રી'ની ફોર્મ્યુલા રજૂ કરી છે ! દિલ્હીનાં પૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષીતના સુપુત્ર સંદીપ દીક્ષિતે સોનિયા ગાંધીને પત્ર લખી અજય માકન તથા પીસી ચાકો (તત્કાલીન દિલ્હી પ્રદેશ કોંગ્રેસના લોકસભા ચૂંટણી પ્રભારી)ને શીલા દીક્ષિતના મૃત્યુ માટે કારણભૂત ગણાવ્યા છે. કોંગ્રેસની આવી સખળડખળ પરિસ્થિતિ વચ્ચે એક પછી એક નેતા પર મોદી પ્રેરિત ઈડી - સીબીઆઈની લટકતી તલવાર તોળાયેલી જ છે ! ચિદંબરમ્‌થી શરૂ થયેલો સિલસિલો રોબર્ટ વાડ્રા સુધી લંબાશે એમાં શંકાને સ્થાન નથી. કાશ્મીર મુદ્દે સાહસિક કદમ ઉઠાવી શકનાર વડાપ્રધાન માટે વાડ્રા વળી કિસ ખેત કી મૂલી ? કમલનાથ સામે પણ શીખોના સામૂહિક નરસંહારનો કેસ ઉખેળવામાં આવી જ રહ્યો છે.

...ઈશ્વર આખરે મળ્યો 'સ્નેહ' અને 'સહાનુભૂતિ'માં

લાગણીનો મેળો
રસિક વાળંદ

હું તો કાળજાની કોટડીમાં બેઠો છું મા,
મા મને કહેજો તું ખમ્મા ખમ્મા.
મને દૈવત દેજે
મને કૌવત દેજે
મને દેજે તું સત
કે રાખું હું પથ
મારું એક જ આ વ્રત
મને તારી ચાહત
મને તારી રાહત
માની મને દૈવત દેજે, મને કૌવત દે જે.
હું તો કાળજાની કોટડીમાં બેઠો છું
રાગને મેં ત્યાગ્યો
વિરાગને મેં માગ્યો
નથી ફૂલોની માયા
નથી સૌરભની છાયા
તારી તે સંગમાં કેટલાયે રંગ
મને પોતાને લાગે નહીં લાગે પરાયા
મને આપે છે શાતા એક તું મારી માતા
માડી મને દૈવત દેજે, મને કૌવત દેજે.

- નરેન્દ્ર મોદી

ખાણમાંથી નીકળેલા સોનાને શુદ્ધ કરવા અગ્નિમાં તપાવવું પડે એમ જન્માંતરોના કુસંસ્કારોથી મલિન થયેલા આત્મતત્વોને અણિશુદ્ધ કરવા નવધાભક્તિની તપશ્ચર્યા જરૂરી છે... નવલા નોરતામાં 'તપ અને જપ... મુકો બીજી બધી લપ...' એ ન્યાયે અનન્યચિત્તે અનુષ્ઠાન આદરી સૌ શુદ્ધ થયા!!!

આ નવ નવા દિવસની સાધના... આરાધના... ઉપાસના... જપ... તપ... થકી જાતમાં કશો બદલાવ આવ્યો ખરો ?!

હૈયુ આર્દ્ર બન્યું ખરું ??
ગુસ્સો કેટલો મોળો થયો ??
અહં અને જીદ ઓગળ્યા ખરા ??

આવું કંઈ થયું ખરું ? જો જાતમાં બદલાવ આવ્યો હોય તો તમારી સાધના લેખે લાગી ગણાય... આવાં અનુષ્ઠાનો... સાધનાને અભિનંદન... વંદન...!!

દોસ્તો, એક સમયની વાત છે... આદિ શંકરાચાર્યજી ભ્રમણ કરી રહ્યા હતા. ફરતા ફરતા આજની જે વૈષ્ણોદેવીની પીઠ છે તે બાજુ આવી પહોંચે છે અને તે સમેય તેમની તબિયત બગડે છે. તેથી વૈષ્ણોદેવીની ગિરિ-કંદરાઓમાં આરામ કરવા રોકાય છે તેને સમયે અનરાધાર વરસાદ શરૂ થયો. પંદરેક દિવસ સુધી શંકરાચાર્યજી તેમના શિષ્ય સાથે ત્યાં રહે છે. એક તરફ સ્વાસ્થ્ય કથળ્યું છે તો બીજી બાજુ વરસાદના કારણે ખાવા અન્નનો દાણો પણ નથી મળ્યો હોતો. શંકરાચાર્યજીનું શરીર નબળું પડી જાય છે. ઊભા થવાની શક્તિ પણ રહેતી નથી. તે સમયે નેસડામાંથી એક ગોવાલણ ગોરવ વેચના નીકળી હોય છે. તે ગોવાલણનો સાદ સાંભળી શિષ્ય જાય છે અને ગોવાલણને કહે છે કે મારા ગુરુજી માટે ગોરસ લેવા આવ્યો છું ગોવાલણ કહે છે કે હું તો જેને જરૂર હોય તે લેવા માટે તો જ ગોરસ આપું છું. તારા ગુરુને કહેજે કે જાતે આવીને ગોરસ લઈ જાય. શિષ્ય શંકરાચાર્યજી પાસે જઈને કહે છે કે, ગુરુજી ગોવાલણ કહે છે કે જેને જરૂર હોય તે આવે તો જ ગોરસ આપું છું. શંકરાચાર્યજી શિષ્યને કહે છે કે જા તેને વિનંતી કર કે મારા ગુરુ બિમાર છે, તેનામાં શક્તિ નથી એટલે આવી શકે એમ નથી અને ગોરસ આપવા વિનંતી કરી છે. શિષ્ય ગોવાલણ પાસે જઈને વાત કરે છે કે મારા ગુરુ બિમાર છે તેમનામાં શક્તિ નથી તેથી આવી શકે તેમ નથી અને ગોરસ આપવા વિનંતી કરે છે. આટલું સાંભળી ગોવાલણ ખડખડાટ હસવા લાગે છે અને કહે છે કે જો તારા ગુરુને કહે કે તે કઈ શક્તિમાં માને છે એ તો એકેશ્વરવાદનો સિદ્ધાંત લઈને દુનિયાને ઉપદેશ દેવા નિકળ્યો છે. શિષ્ય શંકરાચાર્યજી પાસે જઈને વાત કરે છે કે તે ગોવાલણ કહે છે, તારો ગુરુ કઈ શક્તિમાં માને છે. આ સાંભળી શંકરાચાર્યજી સફાળ ભેઠા થાય છે અને દોટ મૂકે છે કે આ કોઈ ગોવાલણ ન હોય આ તો હું જેનો વિરોધ કરું છું એ અખિલ બ્રહ્માંડની જનેતા હોય. શંકરાચાર્યજી દોડીને ગોવાલણના પગમાં પડી જાય છે અને કહે હે માં,

'નમામિ દાનં ન ચ ધ્યાનયોગં ન જાનામિ તન્ત્રં નચ સ્તોત્રમંત્રમ્ ।
ન જાનામિ પૂજાં ન ચન્યાસયોગં ગતિસ્તવં ગતિસ્તવં ત્વમેકા ભવાનિ ॥'

અનુસંધાન પાના નં ૭ પર

'શું જતું કરવું અને શું 'જાતે' કરવું એ જો સમજાઈ જાય તો સ્વર્ગ અહીં જ છે...'

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

'શું જતું કરવું
અને
શું 'જાતે' કરવું
એ જો સમજાઈ જાય
તો સ્વર્ગ અહીં જ છે...'

એબ્રહામ લિંકન વકીલ હતા, છતાં કેટલીક બાબતોમાં સામાન્ય વકીલ કરતાં સાવ જુદા પ્રકારના હતા. ગમે તેટલા પૈસા મળે તો પણ ખોટો કેસ એ ક્યારેય લડતા નહિ એ તો ઠીક, પણ મોટા ભાગે પોતાની ફી જતી કરીને પણ વિરોધીઓ વચ્ચે સમાધાન કરાવી આપતા. કોર્ટકેસો લડીને જ તેમને જીવવાનું હતું, છતાં તેમની કરુણા અપાર હતી અને પોતાના સ્વાર્થને જતો કરીને પણ માણસ માણસ વચ્ચે સુમેળ કરી આપવામાં જ પોતાની શક્તિ એ ખર્ચતા.

એક વાર પોતાના ઘોડા ઉપર કાયદાનાં પુસ્તકો લાદીને એ એક ગામથી બીજે ગામ જતા હતા. રસ્તામાં એમને એક ખેડૂત મળ્યો. 'હલ્લો, અંકલ ટોમી,' લિંકને ખેડૂતને સલામ કરી, 'મજામાં છો ને ?'

'અરે, એબ લિંકન, હું તારી પાસે જ આવતો હતો. આ રીતે તું અચાનક મળી ગયો એટલે બહુ આનંદ થયો. કોર્ટમાં આપણે એક કેસ કરવાનો છે.'

'કઈ બાબતમાં ?' લિંકને પૂછ્યું.

'જોને ભાઈ, જીમ એડમ્સની જમીન અને મારી જમીન બાજુ બાજુમાં છે. હમણાં હમણાં એ મને બહુ હેરાન કરે છે. મેં નક્કી કર્યું છે કે ગમે તે ખર્ચ થાય, પણ એને તો દેખાડી જ દેવું ! કોર્ટમાં કેસ કર્યા વિના છૂટકો નથી.'

'અંકલ ટોમી,' લિંકને કહ્યું, 'આજ સુધી તમારે અને જીમને ક્યારેય કોઈ મોટો ઝઘડો થયો નથી, બરાબર ને ?'

'બરાબર.'

'આમ તો એ સારો પાડોશી છે, બરાબર ને ?'

'સારો તો નહિ, પણ ઠીક.'

'છતાં વર્ષોથી તમે એકબીજાના પાડોશી તરીકે જીવો છો, એ તો સાચું ને?'

'પંદરેક વર્ષથી.'

'પંદર વર્ષમાં ઘણા સારામાઠા પ્રસંગો આવ્યા હશે, અને એકબીજાને મદદરુપ પણ બન્યા હશો, બરાબર ને?'

'એમ કહી શકાય ખરું.'

'અંકલ ટોમી,' લિંકને કહ્યું, 'મારો આ ઘોડો બહુ સારી જાતનો તો નથી જ અને એનાથી સારો ઘોડો કદાચ હું લઈ પણ શકું, પરંતુ આ ઘોડાની ખાસિયતો હું જાઉં છું. તેનામાં જે કાંઈ ખામીઓ છે તેનાથી હું પરિચિત છું અને મારું કામ ચાલે છે. જો હું જાતે બીજો ઘોડો લઉં તો અમુક રીતે તે આના કરતાં સારો પણ હોય, પણ તેનામાં વળી બીજી કેટલીક ખામીઓ હોય, કારણ કે દરેક ઘોડામાં કાંઈક ને કાંઈક ખામી તો હોય જ છે. એટલે મને તો એમ લાગે છે કે, આ ઘોડા સાથે મારે નિભાવી રાખવું એમાં જ ઘોડાનું અને મારું બંનેનું ભલું છે.'

લિંકનની વાત સાંભળીને ખેડૂત માથું હલાવ્યું : 'તારી વાત બરાબર છે, એબ તારી વાત સાચી છે. જીમ એડમ્સ સાથે નિભાવી લેવું એમાં જ એનું અને મારું બંનેનું ભલું છે.'

જિંદગીમાં એકબીજા સાથે જીવતા જીવતાં આપણે બધાં જ અકળાઈ જઈએ છીએ. માણસને પણ શાહુડી જેવા કાંટા હોય છે. એકબીજાની બહુ નજીક જઈએ ત્યારે એ વાગે છે. જે માણસો આપણી નજીક હોય તેની ખામીઓ આપણને દેખાય છે અને તેમનો કાંટો વાગે ત્યારે આપણે અકળાઈ જઈએ છીએ. પણ, લિંકન કહે છે તેમ, દરેક ઘોડામાં કાંઈક ને કાંઈક ખામી હોય જ છે - અને એવું જ માણસોનું છે. એટલે એ ખામીઓ સ્વીકારીને જ જીવવાની મજા છે.

મિત્રોને, સ્નેહીઓને, સગાંવહાલાંને, પતિને, પત્નીને આપણે આપણા જેવાં બનાવવા પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એ તો ક્યારેય શક્ય જ નથી હોતું. એના બદલે જો આપણે જ તેમને થોડા અનુકૂળ બનીએ તો જિંદગી વધુ સરળતાથી ચાલે છે. લીમડો કડવો કેમ છે, તેનો અફસોસ કરવાને બદલે તેની કડવાશને સ્વીકારીને તેના જે કાંઈ લાભ મળી શકે તે લેવામાં જ ડહાપણ રહેલું છે.

અને માણસો વિશે બીજી સમજવા જેવી વાત એ છે કે, એક જ વ્યક્તિ કોઈ એક રૂપે બરાબર ન હોય પણ બીજા રૂપે તે ખૂબ જ સારી પણ હોય છે. કોઈ વ્યક્તિ સગા તરીકે બરાબર ન હોય પણ મિત્ર તરીતે દિલોજાન હોય, પત્ની તરીકે કજિયાખોર હોય પણ બહેનપણી તરીકે પ્રેમાળ હોય, પાડોશી તરીકે કજિયાખોર હોય પણ સમાજમાં સેવાભાવી હોય, ભાગીદાર તરીકે લુચ્ચી હોય પણ પાડોશી તરીકે પરગજુ હોય - આમ કોઈ એક સ્વરુપે અયોગ્ય લાગતી વ્યક્તિ બીજા સ્વરુપે ઘણી ઉમદા હોય છે. કોઈના વિશેના આપણા અભિપ્રાયો પકડી રાખીને જીવવાને બદલે સહેજ તટસ્થ બનીને વિચાર કરીએ, તો બીજા માણસો આપણને એટલા ખામીવાળા ન લાગે.

દલપતરામનું પેલું કાવ્ય 'ઊંટ કહે તો સભામાં, વાંકાં અંગવાળાં ભૂંડાં ભૂતળમાં પશુઓને પક્ષીઓ અપાર છે!' એમાં ઊંટની કોઈ વાત ખોટી નથી. કોઈની ચાંચ, કોઈની ડોક, કોઈના નખ, કોઈની પૂંછડી, કોઈ ને કોઈ અંગ દરેકનું વાંકુ જ હોય છે. પણ એ વાંકા અંગવાળા પશુપક્ષીઓ સાથે આપણએ જીવવાનું હોય છે. એમાં કોઈ ફેરફાર આપણે કરી શકતા નથી. જે કાંઈ હોય એને સ્વીકારીને જીવતાં શીખીએ.

- મોહમ્મદ માંકડ

Last Seen :
ખુશી માટે ઘણું બધું ભેગું કરવું પડે છે...
એવી આપણી સમજ છે..
પણ હકીકતમાં ....
ખુશી માટે તો ઘણું જતું કરવું પડે છે...

- nehalgadhavi101@gmail.com

ભારત સરકારની આટલી જગ્યાએ અનામત લાગુ પડતી નથી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં ભારત સરકારે અનામતની જોગવાઈ કરતું ૧૨૪ મુ સંશોધન બિલ ૨૦૧૯ રાજયસભામાં બહુમતીથી પસાર કરી રાષ્ટ્રપતિશ્રીની સહિ સાથે અમલમાં મુકેલ છે. આ બિલ મુજબ બીન અનામતમાં આવતા આર્થીક પછાત વર્ગ માટે સરકારી નોકરીઓ તેમજ શિક્ષણ સંસ્થાઓમાં ૧૦ ટકા અનામતની જોગવાઈ છે. જેમાં આર્થીક પછાત પરિવારો કે જેમની વાર્ષિક આવક ૮ લાખ કરતા ઓછી હોય ૫ એકર કરતા ઓછી જમીન હોય શહેરી વિસ્તારમાં ૧૦૦૦ ચો.ફૂટ રહેણાંક મકાન અથવા ૧૦૦ ચો. યાર્ડઝ પ્લોટ વગેરે બાબતોની જોગવાઈ સાથે અનામતની જાહેરાત કરવામાં આવી હતી.

ભારતના બંધારણમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ અન્ય પછાત વર્ગને અનામત આપવાની જોગવાઈ છે. આ જોગવાઈ ખુલી પ્રતિયોગીતાથી ભરવામાં આવતી કેન્દ્ર સરકારની નોકરીયો અને કેન્દ્રીય શૈક્ષિણક સંસ્થાઓમાં લાગુ પડે છે.

આર્થિક અનામત એટલે આર્થિક રીતે પછાત વર્ગના લોકોને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવા માટે સંવિધાનના આર્ટીકલ ૧૫ માં સંશોધન કરી નવો આર્ટીકલ ૧૫(૬), ૧૫(૬)(અ) તેમજ ૧૫(૬)(બ)ને જોડવામાં આવ્યા છે જે લગત આર્થિક પછાત વર્ગ માટે શિક્ષણમાં અનામતની જોગવાઈ કરવામાં આવી છે.

આ સીવાય આર્થિક પછાત વર્ગના લોકોને જાહેર સેવાઓમાં અનામત આપવા સંવિધાનમાં આર્ટીકલ ૧૬ માં નવો આર્ટીકલ ૧૬(૬) ઉમેરવામાં આવેલ છે જે અંતર્ગત સરકારી નોકરીઓમાં તમામને ૧૦ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. આર્થિક અનામત શિક્ષણ માટેની અનામત સરકારી શિક્ષણ સંસ્થાઓ તેમજ ખાનગી શિક્ષણ સંસ્થાઓને લાગુ પડે છે.

આર્થિક અનામત હાલની બંધારણીય વ્યવસ્થા મુજબ દેશમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ મળીને ૫૯ ટકા અનામત લાગુ છે. જયારે આ બાબતો નીચેની સંસ્થાઓને લાગુ પડતી નથી.

ભારત સરકારના ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનીંગના એક જાહેર નોટીફિકેશન ઓએમ નં. ૨૭/૪/૬૭(૧૧) એસ્ટા. (એસસીટી) ૨૪/૭/૧૯૬૮ થી ઠરાવ્યા મુજબ હંગામી ધોરણે ૪૫ દિવસ કરતા ઓછા સમયગાળા માટે કરવામાં આવતી કોઈપણ નિમણુંકમાં અનામત લાગુ પડતી નથી. અપાતકાલીન પરિસ્થિતિઓ જેવી કે પુર, દુષ્કાળ, ભુકંપ કે અન્ય પરિસ્થિતિને પહોંચી વળવા માટે તાત્કાલીક ધોરણે કરવામાં આવતી નિમણુંકોમાં ભારત સરકારના ૩૬૦૨૧/૯/૭૬ એસ્ટ્રૂ (એસસીટી)૧૦/૨/૭૭ ની જોગવાઈ મુજબ અનામત લાગુ પડતુ નથી.

જયારે કોઈ સરકારી વ્યક્તિની એક જગ્યાએથી બીજી જગ્યાએ અથવા એક કામથી બીજા કામ માટે અથવા એક વિભાગથી બીજા વિભાગમાં પ્રતિનિયુક્તિ કરવામાં આવે ત્યારે ઓએમ નં. ૩૬૬૧૨/૭/૭૭/ એસ્ટ્રા(એસસીટી)૨૧/૧૧/૭૮ ની જોગવાઈ મુજબ અનામત લાગુ પડતી નથી.

કોઈપણ સરકારી ભરતીમાં ફકત એક જ જગ્યા માટે ભરતી હોય ત્યારે એવી જગ્યા ઉપર અનામત લાગુ પડતી નથી જે જગ્યાએ સાયન્ટીફિક અને ટેકનીકલ (વિજ્ઞાન અને તકનીકી) જાહેર કરવામાં આવી હોય તેવા ગ્રુપ-એ ના હોદ્દાઓમાં છેલ્લા દરજ્જા કરતા ઉપરનો હોદ્દો ધરાવતી તમામ જગ્યાઓ ઉપર ઓએમ નં. ૩૬૦૧૨/૨૭/૯૪/ એસ્ટ્રા(એસસીટી) ૧૩/૫/૯૪ ની જોગવાઈ મુજબ અનામત લાગુ પડતી નથી.

બંધારણની કલમ ૨૯ અને ૩૦ થી નક્કિ કરવામાં આવેલ મુસ્લીમ, જૈન, ક્રિશ્ચિયન જેવી ધાર્મિક લઘુમતીના શિક્ષણ સંસ્થાઓમાં અનામતની નિતિ લાગુ પડતી નથી. હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટમાં જજની જગ્યાઓ ઉપર અનામતની નિતિ લાગુ પડતી નથી.

એવી જગ્યાઓ કે જે ધારણ કરવા માટે ચોક્કસ વિજ્ઞાન કે ટેકનોલોજી શિક્ષણ નિયત કરવામાં આવ્યું હોય તેમજ તે જગ્યા ધારણ કરી નિયત ફરજ બજાવવા માટે જે તે નિયત જ્ઞાનનો ઉપયોગ કરવો આવશ્યક હોય એવી જગ્યાઓ કે જે જગ્યાઓ સંશોધન કરવા માટે અથવા સંશોધન હેતુ માટે માર્ગદર્શક કે દિશાનિર્દેશ કરવા માટે અગત્યની હોય તેવી જગ્યાઓ ઉપર અનામત લાગુ પડે નહિ.

આ સીવાય કેન્દ્રીય શિક્ષણ સંસ્થાન પ્રવેશ અધિનિયમ ૨૦૦૬ ની કલમ ૪ માં કરેલ જોગવાઈ મુજબ બંધારણીય અનામતની વ્યવસ્થા ભાભા ઓટોમીક રીસર્ચ સેન્ટર અને તેની પેટા સંસ્થાઓ ઈન્દીરા ગાંધી સેન્ટર ફોર ઓટોમીક રીસર્ચ સેન્ટર, રાજા રામન્ના સેન્ટર ફોર એડવાન્સ ટેકનોલોજી-ઈન્દોર, ઈન્સ્ટીટયુટ ઓફ પ્લાઝમાં રીસર્ચ સેન્ટર-ગાંધીનગર, વેરીએબલ એનર્જી સાયકલોટ્રોનીક સેન્ટર-કલકત્તા, ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીકસ-ભુવનેશ્વર, ઈન્સ્ટીટયુટ ઓફ મેથેમેટીકસ સાયન્સ-ચેન્નાઈ, હરિશચંદ્ર રીસર્ચ ઈન્સ્ટીટયુટ-અલ્હાબાદ, ટાટા મેમોરીયલ-મુંબઈ, ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ-મુંબઈ, નોર્થ ઈસ્ટર્ન-ઈન્દોર, ગાંધી રીજીઓનલ ઈન્સ્ટીટયુટ ઓફ હેલ્થ એન્ડ મેડીકલ સાયન્સ-સીંલોગ, નેશનલ બ્રેઈન રીસર્ચ સેન્ટર, જવાહરલાલ નહેરૂ સેન્ટર ફોર એડવાન્સ સાયન્સટીફિક રીસર્ચ-બેગ્લોર, ફીઝીકલ રીસર્ચ લેબ-અમદાવાદ, સ્પેસ ફિઝીકલ લેબોરેટરી, ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ રીમોટ સેન્સીંગ-દહેરાદુન. આ તમામ સંસ્થામાં અનામત લાગુ પડતી નથી.